# રાજકોટ મહાનગરપાલિકા ખાતેના "અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ" માટે ભરતી અંગેની જાહેરાત

## જાહેરાત અંગેની સૂચનાઓ:

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યની મહાનગરપાલિકા વિસ્તારમાં U-CHC (શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર) અને U-PHC (શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર)શરૂ કરવા માટે રાજકોટ મહાનગરપાલિકામાં નીચે જણાવ્યા મુજબ તદ્દન હંગામી ધોરણે ફિક્સ પગારથી સરકારશ્રીની ૧૦૦ % ગ્રાન્ટ આધારિત જગ્યાઓ ભરવા માટે "અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ" ખાતે નીચે મુજબની વિગતે કેટેગરી વાઈઝ ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.rmc.gov.in પર તા.૦૬/૧૦/૨૦૧૮ (૧૨:૦૦કલાક) થી તા.૨૦/૧૦/૨૦૧૮ (૨૩.૫૯ કલાક) સુધીમાં લોગીન કરી અરજી કરવાની રહેશે. તેમજ ઓનલાઈન ફી ભરવાની છેલ્લી તા.૨૦/૧૦/૨૦૧૮(૨૩.૫૯ કલાક) સુધીની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતી | અનુ. જન જાતી | સા.શૈ.પ | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતી | અનુ. જન જાતી | સા.શૈ.પ | |
| ૧ | મેડીકલ ઓફિસર | ૧૧ | ૦૮ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | ગાયનેકોલોજીસ્ટ (સ્ત્રી રોગ નિષ્ણાંત) | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | પીડિયાટ્રીશીયન (બાળ રોગ નિષ્ણાત) | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | ફાર્માસિસ્ટ | ૧૨ | ૦૮ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૫ | લેબ.ટેકનીશીયન | ૧૪ | ૦૯ | ૦૦ | ૦૨ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૬ | સિનિયર ક્લાર્ક | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૭ | ફિમેલ હેલ્થ વર્કર | ૮૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૪૩ | ૦૫ | ૧૨ | ૨૧ | ૦૨ |
| ૮ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર | ૧૨ | ૦૮ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૯ | સ્ટાફ નર્સ | ૧૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૯ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૦ |
| ૧૦ | એક્સ-રે ટેકનીશયન | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૧૫૧ | ૪૧ | ૦૦ | ૦૫ | ૧૧ | ૬૧ | ૦૫ | ૧૩ | ૨૭ | ૦૨ |

## **શૈક્ષણિક લાયકાત અને પગારધોરણ** :

| | | |
|---|---|---|
| ૧ | મેડીકલ ઓફિસરની લાયકાત | એમ.બી.બી.એસ. (ભારત સરકાર માન્ય યુનિવર્સીટી તેમજ ઇન્ડિયન મેડીકલ એક્ટ-૧૯૫૬ મુજબ) અને ગુજરાત મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૬૭ હેઠળ રજીસ્ટ્રેશન કરેલ હોવું જોઈએ અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ બે વર્ષનો સમયગાળો પ્રોબેશનનો રહેશે. પ્રોબેશનનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૯, સ્કેલ ૫૩૧૦૦-૧૬૭૮૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |
| ૨ | ગાયનેકોલોજીસ્ટ (સ્ત્રી રોગ નિષ્ણાંત)ની લાયકાત | સરકાર માન્ય યુનિવર્સીટીમાંથી (ઇન્ડીયન મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૫૬ મુજબ) એમ.ડી.(ઓબસ્ટ્રેક્ટ & ગાયનેકોલોજી) અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઇન ઓબસ્ટ્રેક & ગાયનેકોલોજી અથવા એમ.એસ. (ઓબસ્ટ્રેક્ટ & ગાયનેકોલોજી) અથવા ડી.એન.બી. (ઓબસ્ટ્રેક્ટ & ગાયનેકોલોજી)ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ અને સરકારી કે અર્ધસરકારી અથવા કોઇપણ સંસ્થામાં બે વર્ષની કામગીરીનો અનુભવ અને ગુજરાત મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૬૭ હેઠળ રજીસ્ટ્રેશન કરેલ હોવું જોઈએ અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ બે વર્ષનો સમયગાળો પ્રોબેશનનો રહેશે. પ્રોબેશનનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૧૧, સ્કેલ ૬૭૭૦૦-૨૦૮૭૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |

| | | |
|---|---|---|
| 3 | પીડિયાટ્રીશીયન (બાળ રોગ નિષ્ણાત) ની લાયકાત | ભારત સરકાર માન્ય યુનિવર્સીટીમાંથી (ઇન્ડીયન મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૫૬ મુજબ) એમ.ડી(પીડિયાટ્રીશીયન) અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઇન પીડિયાટ્રીશીયન અથવા ડી.એન.બી. (પીડિયાટ્રીશીયન)ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ અને સરકારી કે અર્ધસરકારી અથવા કોઇપણ સંસ્થામાં બે વર્ષની કામગીરીનો અનુભવ અને ગુજરાત મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૬૭ હેઠળ રજીસ્ટ્રેશન કરેલ હોવું જોઈએ અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ બે વર્ષનો સમયગાળો પ્રોબેશનનો રહેશે. પ્રોબેશનનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૧૧, સ્કેલ ૬૭૭૦૦-૨૦૮૭૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |
| ૪ | ફાર્માસિસ્ટની લાયકાત | ડી.ફાર્મ અથવા બી.ફાર્મ (ભારત સરકાર કે રાજ્ય સરકાર દ્વારા માન્ય યુનિવર્સીટીમાંથી) અને જુનીયર ફાર્માસિસ્ટ તરીકેનો સરકારી કે અર્ધસરકારી કે સરકાર હેઠળના નિગમ કે કોઈ પણ હોસ્પિટલમાં ડિસ્પેન્સર તરીકેનો અથવા કોઈપણ ફાર્માસ્યુટિકલ કંપની (કંપની એક્ટ-૨૦૧૩ હેઠળ નોંધાયેલ) માં ફાર્માસિસ્ટ અથવા મેડીકલ રિપ્રેઝન્ટેટિવ તરીકેનો બે વર્ષનો અનુભવ |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૩૧૩૪૦/- નિયત થયેલ ફિક્સ પગાર મળશે ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૫ સ્કેલ-૨૯૨૦૦-૯૨૩૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |
| ૫ | લેબ.ટેકનીશીયન ની લાયકાત | યુનિવર્સીટી ગ્રાન્ટ કમીશન એક્ટ-૧૯૫૬ હેઠળ નોંધાયેલી કોઈ પણ યુનિવર્સીટીમાંથી બી.એસ.સી.(કેમેસ્ટ્રી) અથવા બી.એસ.સી.(માઈક્રોબાયોલોજી) અથવા બી.એસ.સી.(બાયો કેમેસ્ટ્રી) ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. અને<br>ભારત સરકાર કે રાજ્ય સરકાર દ્વારા માન્ય યુનિવર્સીટી કે ડીમ્ડ કે ગ્રાન્ટેડ યુનિવર્સીટીમાંથી નીચેનામાંથી કોઈ એક પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.<br>એ-ડીપ્લોમાં ઇન લેબોરેટરી ટેકનીશીયન અથવા<br>બી- ડીપ્લોમાં ઇન મેડીકલ લેબોરેટરી ટેકનીશીયન કોર્ષ અથવા<br>સી- ડીપ્લોમાં ઇન મેડીકલ ટેકનોલોજી અથવા<br>ડી- પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઇન મેડીકલ લેબોરેટરી ટેકનોલોજી અથવા<br>ઈ- મેડીકલ લેબોરેટરી ટેકનીશીયન ટ્રેનીંગનો એક વર્ષનો કોર્ષ અથવા<br>એફ- મેડીકલ ટેકનીશીયન ટ્રેઇનિંગનો એક વર્ષનો કોર્ષ.અને<br>કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૩૧૩૪૦/- નિયત થયેલ ફિક્સ પગાર મળશે ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૫ સ્કેલ-૨૯૨૦૦-૯૨૩૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૬ વર્ષ |
| ૬ | સિનિયર ક્લાર્કની લાયકાત | યુનિવર્સીટી ગ્રાન્ટ કમીશન એક્ટ-૧૯૫૬ હેઠળ નોંધાયેલી કોઈ પણ યુનિવર્સીટીમાંથી કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૧૯૯૫૦/- નિયત થયેલ ફિક્સ પગાર મળશે ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૫ સ્કેલ-૨૫૫૦૦-૮૧૨૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |
| ૭ | ફિમેલ હેલ્થ વર્કરની લાયકાત | સરકાર માન્ય ડીપ્લોમાં નર્સિંગ પાસ અથવા બે વર્ષનો એ.એન.એમ.નો કોર્ષ કરેલ હોવો જોઈએ અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૧૯૯૫૦/- નિયત થયેલ ફિક્સ પગાર મળશે ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૨ સ્કેલ-૧૯૯૦૦-૬૩૨૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૨૫ વર્ષ |

| | | |
|---|---|---|
| ૮ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની લાયકાત | સરકાર માન્ય સંસ્થામાંથી મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનો અથવા સેનેટરી ઇન્સ્પેકટરનો ડીપ્લોમાંનો કોર્ષ કરેલ હોવો જોઈએ |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૧૯૯૫૦/- નિયત થયેલ ફિક્સ પગાર મળશે ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૨ સ્કેલ-૧૯૯૦૦-૬૩૨૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૨૬ વર્ષ |
| ૯ | સ્ટાફ નર્સની લાયકાત | ઇન્ડીયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય સંસ્થાઓમાંથી બી.એસ.સી.(નર્સિંગ)નો ડીગ્રી કોર્ષ અથવા ઇન્ડીયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય સંસ્થાઓમાંથી જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરીનો ડીપ્લોમાં કોર્ષ અથવા સરકારશ્રી દ્વારા માન્ય કરેલ સમકક્ષ શૈક્ષણિક લાયકાત અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૩૧૩૪૦/- નિયત થયેલ ફિક્સ પગાર મળશે ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૫ સ્કેલ-૨૯૨૦૦-૯૨૩૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૪૦ વર્ષ |
| ૧૦ | એક્સ-રે ટેકનીશયનની લાયકાત | સરકારી અથવા ભારત સરકાર દ્વારા માન્ય કોઇપણ સંસ્થા કે મેડીકલ કોલેજમાંથી એક્સ-રે ટેકનીશયન ટ્રેઇનિંગ કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ. અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૩૮૦૯૦/- નિયત થયેલ ફિક્સ પગાર મળશે ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૬ સ્કેલ-૩૫૪૦૦-૧૧૨૪૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૧ વર્ષ |

ઉપરોક્ત જગ્યાઓ મહાનગરપાલિકાના જનરલ બોર્ડ ઠરાવ નં. ૧૮ તા.૧૩/૦૮/૨૦૧૮ થી નિયત કરવામાં આવેલ નીચે દર્શાવેલ શરતોને આધીન હંગામી ધોરણે ભરવામાં આવશે.

- સદરહુ મહેકમના ખર્ચની નાણાકીય જોગવાઈ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા પૂરી પાડવામાં આવશે.
- સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત યોજનાના અનુસંધાને U-CHC ( શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) અને U-PHC ( શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર)નું હંગામી મહેકમ ઉપસ્થીત કરવાનું હોઈ, સરકારશ્રીની યોજના અમલમાં હોય અથવા સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મળતી બંધ થાય એ બન્નેમાંથી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે હંગામી ધોરણે આ મહેકમ રાજકોટ મહાનગરપાલિકાના જ.બો.ઠ.નં.૧૮ તા.૧૩/૦૮/૨૦૧૮ થી ઉપસ્થિત કરવાનું મંજુર થયેલ છે.
- સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત હંગામી મહેકમ હોઈ, સંબંધિત યોજના પૂર્ણ થયેથી અથવા સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મળતી બંધ થયેથી સંબંધિત હંગામી મહેકમની મુદ્દત આપોઆપ પૂરી થયેલ ગણાશે તથા આ હંગામી મહેકમ ઉપરના તમામ સ્ટાફની નિયુક્તિની મુદ્દત પણ આપોઆપ પૂરી થયેલ ગણાશે, તેમજ સંબંધિત યોજનાના અનુસંધાને નિયુક્ત કરેલ તમામ સ્ટાફ પોતાની ફરજમાંથી આપોઆપ છુટા થયેલા ગણાશે અને છુટા થયેલા સ્ટાફનો રાજકોટ મહાનગરપાલિકામાં આ અંગે કોઈ પણ પ્રકારનો હક્ક, હિસ્સો,દાવો કે લીયન રહેશે નહિ.
- ઉક્ત જગ્યાઓ આરોગ્ય શાખા હેઠળ અલાયદા “અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ” ના સરકારશ્રીની ગ્રાન્ટ આધારિત હંગામી મહેકમમાં ભરતી થશે. આ હંગામી સ્ટાફ સેટઅપને રાજકોટ મહાનગરપાલિકાના સ્ટાફ સેટઅપમાં સમાવેશ કરવામાં આવશે નહી.

- ઉક્ત જગ્યામાં નિમણુક થયેલાને ફરજ ઉપર હાજર થતા પહેલા રાજકોટ મહાનગરપાલિકાના જ.બો.ઠ.નં.૧૮ તા.૧૩/૦૮/૨૦૧૮ ની શરતો કબુલ છે તે બાબતનું નોટરાઈડ બાહેંધરીપત્રક આપવાનું રહેશે.
- મૌખિક ઇન્ટરવ્યુ/ પરીક્ષાની તારીખ, સિલેબસની જાણ રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પર જાણ કરવામાં આવશે.
- ફક્ત જગ્યાની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજી ફી રીફંડ થશે નહિ/પરત મળશે નહિ. ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જો કોઈ ક્ષતિ રહેલ હશે તેવી રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.
- અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહિ.
- અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ લાયકાત, અનુભવ અને ઉમરની ગણતરી કરવામાં આવશે.

## કોમ્પ્યુટર વિષયક લાયકાત:

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના સામાન્ય નિયમો-૧૯૬૭ ના નિયમ-૮(૧એ) ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર એપ્લીકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક :સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.પ. સાથેના પત્રક-૧ માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરનાં બેઝીક નોલેજ તરીકે જાહેર કરેલ છે.

## નાગરિકત્વ:

પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર (ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા(ધ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૦૧/૦૧/૧૯૬૨ પહેલા ભારતમાં આવેલા તિબેટના નિર્વાસિત અથવા (ચ) પાકિસ્તાન, બર્મા,શ્રીલંકા અને પૂર્વ આફ્રિકાના દેશો- કેન્યા, યુગાન્ડા, વિયેતનામ, ઝામ્બીયા, મલાવી, ઝેર, ઇથોપિયા, યુનાઈટેડ, રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયાના, દેશોમાંથી સ્થળાંતર કરી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી આવેલ ભારતીય વ્યક્તિ, પરંતુ (ખ) થી (ચ) સુધીના પ્રકારમાની વ્યક્તિઓ ગુજરાત સરકાર પાસેથી પાત્રતા પ્રમાણપત્ર મેળવ્યું હોય તો જ નિમણુંક માટે પાત્ર બનશે. આ જગ્યા માટે ઉમેદવાર ગુજરાત રાજ્યના વતની અને ગુજરાત રાજ્યના ડોમીસાઈલ હોવા જોઈએ.

## ઉમર અને તેમાં છૂટછાટ:

(૧) ક્રમ-૧ થી ૧૦ ના સંવર્ગમાં અરજી લોગ ઓન કરવાની છેલ્લી તા.૨૦/૧૦/૨૦૧૮ ના રોજ ઉપરોક્ત દર્શાવેલ વિગતે ઉમરની ગણતરી કરવામાં આવશે (૨) જાહેરાતમાં જે કક્ષાના અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત રાખવામાં આવી છે તે કક્ષાના મૂળ ગુજરાતના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ

વધુમાંવધુ ૪૫ વર્ષની ઉમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે (૩) અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામતની જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહિ (૪) જાહેરાતમાં જે કેટેગરીની જગ્યા દર્શાવેલ છે તે મુજબ ઉમેદવારોને ઉપરોક્ત શરતો/ઉમરમાં છુટછાટ લાગુ પડશે.

**સામાન્ય શરતો :**

૧. અનામત વર્ગનો લાભ મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સા.શૈ.પ. વર્ગના ઉમેદવારોને જ મળશે. અરજી કર્યા બાદ પરત ખેચી શકાશે નહિ. ઉમેદવારે અરજીપત્રકમાં કોઈપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઈપણ તબક્કે રદ્દ કરવામાં આવશે તથા તેને લાયકીધોરણ(Passing Standard) મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ્દ ગણાશે. ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

૨. ઉમેદવારે અરજી કરતી વખતે નામ,પિતાનું નામ તેમજ અટકમાં ઓનલાઈન અરજી કરતી વખતે જો ભૂલ કરેલ હશે તો તે કોઈ પણ સંજોગોમાં સુધારાપાત્ર થશે નહિ

૩. ઉમેદવારે અરજી કરતી વખતે ફોટો અને સહી અપલોડ કરવામાં ઓનલાઈન અરજી કરતી વખતે જો ભૂલ કરેલ હશે તો તે કોઈ પણ સંજોગોમાં સુધારાપાત્ર થશે નહિ

૪. ઉમેદવારે ઓનલાઈન ફોર્મ ભરતી વખતે તેઓ અનામત કક્ષામાં અરજી કરવા માંગે છે કે બિનઅનામત કક્ષામાં અરજી કરવા માંગે છે તે સ્પષ્ટ જણાવવું. એક વખત ઓનલાઈન અરજી કર્યા બાદ ઓનલાઈન ફોર્મમાં દર્શાવેલ CASTE/CATEGORY માં કોઈપણ જાતનો ફેરફાર કરવા દેવામાં આવશે નહિ. જો કોઈ ઉમેદવાર પાછળથી આ બાબતે રજૂઆત કરશે તો તેની રજૂઆત સ્વીકારવામાં આવશે નહી કે તેનો કોઈ પ્રત્યુત્તર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવશે નહિ ઉમેદવારોને આ સૂચના ધ્યાને લઈ તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

૫. ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઈ ઉમેદવાર રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણનાં પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

૬. ઉમેદવારે અરજી પત્રકમાં કોઈપણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/ નિમણુંક કોઈપણ તબક્કે રદ્દ કરવામાં આવશે.

૭. ઉમેદવારોની અરજીની સંખ્યાને ધ્યાને લઇ ભરતી પ્રક્રિયા બાબતે સક્ષમ અધિકારી દ્વારા શોર્ટલિસ્ટેડ થયેલ ઉમેદવારોને જ ફક્ત પ્રથમ તબક્કે પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી માટે બોલાવવામાં આવશે. આ બાબતે કોઈ કોર્ટ, દાવા, તકરાર ચાલશે નહિ.

૮. ઉમેદવારોને ઓનલાઈન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઈ સૂચના માટે www.rmc.gov.in વેબસાઈટ સતત જોતા રહેવા અનુરોધ છે.

૯. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯/૦૨/૧૯૯૬ નાં ઠરાવથી નિયત

થયેલ પરિશિષ્ટ-ક નાં નમૂનામાં નાણાકીય વર્ષ-૨૦૧૮-૧૯ નું તા.૦૧/૦૪/૨૦૧૮ પછીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. (ત્રણ વર્ષની મર્યાદાવાળુ પ્રમાણપત્ર માન્ય ગણાશે)

૧૦. ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબક્કે રદ્દ ગણવામાં આવશે.

૧૧. ઉમેદવારોની આવેલ અરજીની સંખ્યાને ધ્યાને લઇ નિમણુંક અધિકારી દ્વારા ઉમેદવારોના મેરીટ ક્રમાંક નિયત કરવા અંગેની ઉચિત કાર્યપ્રણાલી અનુસરીને પસંદગી કરવામાં આવશે.

**અરજી ફી :**

- બિનઅનામત(સામાન્ય) કેટેગરીના પૂરૂષ તથા મહિલા ઉમેદવારો માટે રૂ.૧૦૦/- (એક સો પુરા) અરજી ફી તરીકે ભરવાના રહેશે જ્યારે અનુ.જાતી, અનુ.જન જાતી,સા.શૈ.પ.ના ઉમેદવારો માટે રૂ.૫૦/-(પચાસ) અરજી ફી તરીકે ભરવાના રહેશે. **આ** અરજી ફી માત્ર અને માત્ર ઓનલાઈન/નેટ બેન્કિંગથી જ સ્વીકારવામાં આવશે. અરજી ફી ભર્યા બાદ ઉમેદવારે પોતાનો અરજી નં. તથા ટ્રાન્ઝેક્શન આઈ.ડી.સાચવી રાખવાના રહેશે. અરજી ફી ભર્યા બાદ રીફંડ આપવામાં આવશે નહિ. ફી ભર્યા વગરની અરજી રદ્દ થવા પાત્ર રહેશે. અરજી ફી ન ભરનાર ઉમેદવારને કોઈ પણ પ્રકારની લેખિત પરીક્ષા/સ્ક્રીનિંગ ટેસ્ટ/મૌખિક ઇન્ટરવ્યુ પૈકી નિમણુંક અધિકારી દ્વારા જે કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવશે તેમાં બેસવા દેવામાં આવશે નહિ.

**પરીક્ષા/પ્રેક્ટિકલ ટેસ્ટ/ઈન્ટરવ્યુ**

- પરીક્ષા/પ્રેક્ટિકલ ટેસ્ટ/ઈન્ટરવ્યુ- તારીખની જાણકારી રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પરથી ડાઉનલોડ કરવા મોબાઈલમાં એસ.એમ.એસ.થી જાણ કરવામાં આવશે.